18

ક્રમાંક: ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ-પોલીસી/૭/૩૨/૯૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગભવન; ગાંધીનગર.
તારીખ: ૨૯/૦૫/૯૯.

// પરિપત્ર //

વિષય: કંપની સેક્રેટરી તરફથી જારી કરવામાં આવતાં કંપનીના શેરહોલ્ડર્સ અને શેર હોલ્ડીંગ બાબતના પ્રમાણપત્રને આધારભૂત ગણવા બાબત.......

સંદર્ભ: (૧) અમદાવાદ ચેપ્ટર ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા રીજીયોનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડીયાના અધ્યક્ષશ્રીનો તા.૪/૩/૯૯ નો પત્ર.
(૨) પરિપત્ર ક્રમાંક: ઓએન્ડએમ/સીઆઇઆર/એસ્ટેટ/પીઓએલ/૧(૬)-૩૧-૬૬૫-૯૬ તા.૧૦-૯-૯૬.

---

નિગમના ઔદ્યોગિક પ્લોટ/શેડની તબદીલીના કિસ્સામાં તબદીલી આપનાર તથા લેનારની કંપનીનો શેરફાળો અને શેરધારકો અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્રને હાલમાં આધારભૂત ગણવામાં આવે છે, પરંતુ કંપનીના શેરફાળાની રકમ જમા કરાવવી, શેરહોલ્ડરોની યાદીની જાળવણી, શેરોની તબદીલી વિગેરે બાબતો કંપની સેક્રેટરીના કાર્યાધિકારમાં આવતી હોઇ, અધ્યક્ષશ્રી અમદાવાદ ચેપ્ટર ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા રીજીયોનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડીયાએ નિગમના પ્લોટ/શેડની તબદીલીના કિસ્સામાં કંપનીના પ્રમોટર, ડાયરેક્ટર્સ, શેરહોલ્ડર્સ અને કંપનીની મૂડી અને તેની વહેંચણી (શેર હોલ્ડીંગ્સ) બાબતે કંપની સેક્રેટરીઝના પ્રમાણપત્રને પણ આધારભૂત દસ્તાવેજ તરીકે માન્ય રાખવાની વિનંતી કરેલ છે. તેઓની વિનંતીની કાળજીપૂર્વકની ચકાસણી કર્યાબાદ આથી નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે કે પ્લોટ/શેડની તબદીલીના કિસ્સામાં કાર્યરત કંપની સેક્રેટરીઝના પ્રમાણપત્રને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્રની સમકક્ષ ગણી, આધારભૂત પુરાવા તરીકે ગણતરીમાં લઇ તબદીલીના કિસ્સાઓનો નિકાલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીઓ.
(૨) અધ્યક્ષશ્રી, અમદાવાદ ચેપ્ટર ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા રીજીયોનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડીયા, માણેકલાલ મીલ્સ કોમ્પ્લેક્ષ, એસ-૨, બી-ટાવર, ચીનુભાઇ ટાવર્સ આશ્રમરોડ, અમદાવાદ-૯.
(૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.
(૪) તમામ વસાહતોના ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ.

રવાના કર્યુ,
સહી/-
મદદનીશ મેનેજર (પરેકમ)